# જાગે એ જ ભાગે

– યશવંત કડીકર

ચંચળ સસલું હવાની જેમ ઝડપથી દોડનારું સસલું હતું. એને પોતાની ઝડપી દોડ પર ખૂબ જ અભિમાન હતું. સફેદ સફેદ વાળવાળું, લાંબાલાંબા કાનવાળું, કૂદકા મારીને ચાલનારું, લીલુંછમ ઘાસ ખાનારું – આ સસલું એની ચાલાકી માટે પણ જાણીતું હતું. તે બધાંની સાથે હળીમળીને રહેતું હતું. તે બધાંનું કામ પણ કરતું હતું. બધાં એને ચાહતાં હતાં. એને પોતાની ઝડપી ચાલ માટે મોટો વિશ્વાસ હતો. તે કેટલાંય જાનવરો સાથેની દોડમાં એમને પાછળ પાડી દેતું, પણ હરણ સાથેની દોડમાં તે હારી જતું હતું. હરણ ખૂબ જ ઝડપથી દોડતાં. લાંબાં લાંબાં ડગલાં ભરતાં, તે દોડતાં ચાલ્યાં જતાં હતાં. પરંતુ આ ચંચળ સસલું ખૂબ જ ઝડપથી દોડતું હોવા છતાં પણ એ હરણ સાથે હરીફાઈ કરી શકતું નહોતું. આ વાતનું એને મોટું દુઃખ પણ હતું. એ હંમેશાં વિચારતું રહેતું કે કેવી રીતે આ હરણને દોડમાં હરાવી શકાય. એ જંગલમાં એક કાચબો પણ રહેતો હતો. એની પીઠ પર ભારે વજનદાર ચામડીની ખોલ હોવાથી એ ધીમે ધીમે ચાલતો. એના શરીર પર વજનદાર ચામડીની મોટી ખોલ હતી, જેમાં એ એનું માથું અને પગ છુપાવી દેતો. પછી એને કોઈ ભય રહેતો ન હતો. પછી તે ચાલતો ત્યારે અટક્યા વગર ધીમો ધીમો ચાલતો, પછી તો તે પાછું વળીને જોતો પણ નહીં. આમ એક જ ચાલે તે ચાલતો રહેતો અને પોતાનો રસ્તો પૂરો કરતો. તે પોતાના નિર્ધારિત સ્થાને ધાર્યા સમયે ધીમી ગતિએ પણ પહોંચી જતો. આ કાચબાનું નામ હતું રૂમઝૂમ.

એક તરફ હતું ચંચળ સસલું, પોતાની ઝડપી ચાલ માટે ગૌરવ લેતું હતું. જ્યારે બીજી બાજુ હતો આ રૂમઝૂમ કાચબો જે ધીમી ગતિએ પણ પોતાના નિર્ધારિત સ્થાને પહોંચી જતો. પરંતુ ચંચળ સસલું તો પેલા કાચબાની ધીમી ચાલ જોઈ એની મજાક ઉડાવતું.

એક દિવસ પેલો કાચબો એને જ્યાં જવું હતું, તે તરફ ધીમે ધીમે જઈ રહ્યો હતો. પેલા ચંચળ સસલાએ એનો રસ્તો રોકીને અભિમાનથી કાચબાને કહ્યું, ‘‘જો ભાઈ, મારું નામ રૂમઝૂમ છે. મારે મારા ઘેર જવાનું છે. મને રોકીશ નહીં, જવા દે; નહીં તો મારે મોડું થઈ જશે.’’

પેલા ચંચળ સસલાએ કહ્યું, ‘‘તો રૂમઝૂમ કાચબાજી, તમારે જવાની ઉતાવળ છે ! પણ તમે તો આમ સાવ ગોળ–મટોળ છો. હું તો આ રસ્તો મિનિટોમાં પાર કરી દઉં. તમને તો આ રસ્તો પાર કરવામાં કલાકો લાગશે. આમ તો તમે તમારું કામ પૂરું જ નહીં કરી શકતા હો ?’’

પેલા રૂમઝૂમ કાચબાએ જવાબ આપ્યો, ''એવું તો કશું નથી. હું ધીમા પગલે સતત ચાલીને મારું કામ મિનિટોમાં પતાવી દઉં છું. હું જીવનમાં કદી હારતો નથી.''

ચંચળ સસલું હસી પડયું, ''શું કહ્યું ? તું કદી હારતો નથી ? તો થઈ જાય હરીફાઈ ? જોઈએ નક્કી કરેલા સ્થાને કોણ વહેલું પહોંચે છે ?''

રૂમઝૂમ કાચબાએ કહ્યું, ''ભલે, કાલે આપણે હરીફાઈ કરીશું. અત્યારે મને જવા દે. બીજા દિવસે આ ચંચળ સસલા અને રૂમઝૂમ કાચબા વચ્ચે હરીફાઈ શરૂ થઈ. ચંચળ સસલું ઝડપથી દોડતું આગળ થઈ ગયું. અડધો રસ્તો પસાર થતાં તે થાકી ગયું. એ ઝાડની છાયામાં આરામ કરવા લાગ્યું.''



એને થયું કે હજુ તો કાચબો ઘણો દૂર છે. આમ વિચારી તે આંખો બંધ કરી આરામ કરવા લાગ્યું. પેલો રૂમઝૂમ કાચબો તો એની ધીમી ચાલે સતત ચાલતો જઈ રહ્યો હતો. તે તો ક્યાંય અટક્યા વગર ચાલતો જઈ રહ્યો હતો. એણે જોયું તો પેલું ચંચળ સસલું ઝાડની છાયામાં આંખ બંધ કરીને સૂતું છે. આ જોઈ એને આનંદ થયો. એણે પોતાની ઝડપ થોડી વધારી. ધીમે ધીમે ચાલતાં પણ એ એના પહોંચવાના સ્થાનથી થોડેક જ દૂર હતો. એને વધુ આનંદ થયો કે તે આ હરીફાઈમાં જીતી જશે. તે ઝડપથી આગળ વધવા લાગ્યો.

આ બાજુ ચંચળ સસલાએ આંખો તો બંધ કરી હતી પણ તે સૂતું નહોતું. એને થયું કે પેલો રૂમઝૂમ કાચબો એને પાછળ રાખીને આગળ થઈ ગયો છે. એને થયું કે બાકીનો રસ્તો તો એ મિનિટોમાં

પૂરો કરી નાંખશે. જ્યારે એણે જોયું કે રૂમઝૂમ કાચબો એના પહોંચવાના સ્થાનેથી થોડેક જ દૂર રહી ગયો છે એટલે ચંચળ સસલું ઝડપથી દોડયું. ઝડપથી એ દોડતું જ રહ્યું અને છેવટે પહોંચવાના સ્થળે પહોંચી ગયું. તે જીતી ગયું હતું અને કાચબો હારી ગયો હતો. રૂમઝૂમ કાચબાએ પેલા ચંચળ સસલાને પૂછ્યું, ''તું તો સૂઈ ગયું હતું, પછી કેવી રીતે જાગીને દોડયું અને પહોંચીને જીતી ગયું ?''

ચંચળ સસલાએ કહ્યું, ''અમારા દાદાજીએ મૃત્યુ વખતે કહ્યું હતું કે ''કાચબાથી અમે એટલા માટે હાર્યા હતા કે દોડતી વખતે અમે સૂઈ ગયા હતા અને કાચબો સતત ચાલીને જીતી ગયો હતો. એટલે દોડવાની હરીફાઈમાં જોડાવ તો વચ્ચે થોડો આરામ કરી લો, પણ સૂઈ જશો નહીં. જે સૂઈ જાય છે એ જ ગુમાવે છે.' દાદાજીની વાત માનીને દોડવાની હરીફાઈમાં આરામ તો કર્યો, પણ સૂઈ નહોતો ગયો; એટલે પછી દોડીને હરીફાઈમાં જીતી ગયો. મને દાદાજીની શિખામણ યાદ છે કે 'જે સૂઈ જાય છે, એ જ ગુમાવે છે.''

■